# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2024** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદ, જામનગર, સુરત અને ગાંધીનગર મહાનગરપાલિકાના 472 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે
- ❖ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આગામી પાંચ વર્ષમાં આખા ગુજરાતને સંપૂર્ણ પ્રાકૃતિક ગુજરાત બનાવવા આહ્વવાન કર્યું છે.
- ❖ રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતો માટે 31 માર્ચ 2024 સુધી નર્મદા કમાન્ડમાં સિંચાઈ માટે પાણી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો
- ❖ ગુજરાત કેન્દ્રિય સૂક્ષ્મ ,લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની ZED – 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' – યોજનાના સર્ટીફિકેશન પ્રાપ્ત કરવામાં દેશમાં પ્રથમ સ્થાન જ્યારે જિલ્લાઓની શ્રેણીમાં રાજકોટ પ્રથમ સ્થાન મેળવ્યું
- ❖ દિવ્યાંગોની રાષ્ટ્રીય વ્હીલચેર ક્રિકેટ સ્પર્ધાનો મહેસાણા ખાતે આજથી આરંભ થશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# C.M. Development

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો-નગરોમાં વસતા લોકોની સુખાકારી વધે તે હેતુથી વિવિધ વિકાસ કામો માટે ૧ હજારથી વધુ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. શ્રી પટેલે ગાંધીનગર, અમદાવાદ, જામનગર અને સુરત સહિત ૪ મહાનગરપાલિકાઓને ૪૭૧.૬૧ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ચાર મહાનગરપાલિકાઓ ઉપરાંત ઔડા, સુડા અને રૂડા એમ ૩ શહેરી વિકાસ સત્તામંડળોને પણ આ યોજના અન્વયે જુદા જુદા વિકાસ કામો હાથ ધરવા માટે  ૪૮૩.૩૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત માણસા, પાલનપુર, પાદરા, બાબરા, વેરાવળ-પાટણ, કઠલાલ, નખત્રાણા, વાઘોડિયા, અમરેલી, માંડવી, વડનગર અને સાવરકુંડલાને આંતરમાળખાકીય વિકાસ, આગવી ઓળખ, ખાનગી સોસાયટી ભાગીદારી યોજના, નવા નગર સેવા સદન બનાવવા, ઢોર નિયંત્રણ તેમજ પાણી પુરવઠા સહિતના કામો માટે લગભગ ૭૫ કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્યની તમામ ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાની સુવિધાઓમાં વધારો કરવા માટે નગરપાલિકાના વર્ગ મુજબ ગ્રાન્ટની ફાળવણી કરી છે.આ ગ્રાન્ટમાંથી રોડ રિસરફેસિંગ ઉપરાંત થર્મો પ્લાસ્ટિક રોડ પેઈન્ટ, કર્બ પેઈન્ટ, સ્ટ્રીટ લાઈટ બોર્ડ તેમજ રોડ સેફટીના કામો કરવામાં આવશે.

---

-માહિતી, રિદ્ધી -(નવીન)

# Governor Natural Agriculture

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આગામી પાંચ વર્ષમાં આખા ગુજરાતને સંપૂર્ણ પ્રાકૃતિક ગુજરાત બનાવવા આહ્વાન કર્યું છે.

રાજ્યપાલે ગઇકાલે ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ ચિંતન બેઠકમાં તમામ જિલ્લા કલેક્ટર્સ અને તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને સંબોધતાં વધુમાં ઉમેર્યું હતું કે આ બેઠક સમગ્ર ભારત દેશ અને ગુજરાત પ્રદેશનું ભાગ્ય બદલનારી બની રહેવી જોઈએ. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને આપણા સૌનું 'મિશન' બનાવીએ. ગુજરાતની પાવન ધરાને ઝેરમુક્ત કરીએ.

શ્રી દેવવ્રતજીએ કહ્યું હતું કે ગુજરાતમાં અત્યારે ૭ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. પરિણામે આ વર્ષે ગુજરાતમાં રાસાયણિક ખાતરના વપરાશમાં અંદાજે ચાર લાખ મેટ્રિક ટનનો ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યા છે. રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટે અને ખેડૂતોની આવક બમણી થાય એટલું જ નહીં, ધરતીની ફળદ્રુપતા જળવાઈ રહે છે.

શ્રી દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી (ઓર્ગેનિક ખેતી) વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરીને રાસાયણિક ખેતીની સાથોસાથ જૈવિક ખેતીના ગેરફાયદા પણ ગણાવ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાકૃતિક કૃષિ ચિંતન બેઠકમાં આગામી પાંચ વર્ષમાં આપણે ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ જવું છે તેવી નેમ સાથે પ્રાકૃતિક ખેતી અભિયાનને સૌ મિશન મોડમાં અપનાવવા આહવાન કર્યું છે આ સંદર્ભમાં તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં દેશમાં પાણી બચાવવાનું જે

અભિયાન અમૃત સરોવરનાં નિર્માણથી સફળતાપૂર્વક ચાલી રહ્યું છે તેમ પ્રાકૃતિક ખેતીના આ અભિયાનને પણ અપનાવવાની જરૂરીયાત સમજાવી હતી.

મુખ્યમંત્રીએ જમીનનું સ્વાસ્થ્ય સુધારવા માટે ગાય આધારિત આ પ્રાકૃતિક ખેતીને આવશ્યક ગણાવતાં કહ્યું કે, જો જમીનનું સ્વાસ્થ્ય સુધરશે તો માટીમાંથી રેતી થતી અટકશે અનાજ પણ વધુ પાકશે.

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાયેલી આ અત્યંત મહત્વની બેઠકમાં મુખ્ય સચિવ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ સહિત રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ અને સંલગ્ન વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------

-માહિતી, જયેશ વેગડા -(નવીન)

# Chief Minister – Farmer decision

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખેડૂતો માટે 31 માર્ચ 2024 સુધી નર્મદા કમાન્ડમાં સિંચાઈ માટે પાણી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ ખેડૂતો તથા જનપ્રતિનિધિઓએ આ સંદર્ભમાં કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીએ આ ખેડૂત હિતકારી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ સરદાર સરોવર યોજનામાં પાણીની ઉપલબ્ધિ તથા તથા રવિ સીઝનમાં થયેલા પાછોતરા પાક વાવેતર માટેની પાણીની જરૂરિયાત લક્ષમાં લઈને નિર્ણય કર્યો છે.

---------------------------------------------------------------------

-માહિતી, જયેશ વેગડા -(નવીન)

# Pradhan Mantri Garib Kalyan Yojana success story

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ગરીબ અને નીચલા મધ્યમ વર્ગ માટે ખૂબ જ લાભકારી રહી છે.

કોરોના વખતે સમયે ગરીબોને મદદ કરવા જનહિતને ધ્યાનમાં રાખીને મોદી સરકારે ૭૦ કરોડ લોકોને દર મહિને અનાજ મફત આપવાનું શરૂ કર્યું હતું. આ યોજના ગરીબો માટે ખરેખર કલ્યાણકારી નીવડી હોવાને કારણે એ યોજના હજુ પણ ચાલુ રાખવામાં આવી છે.

આ યોજનાના એક લાભાર્થી ગણદેવીના કલ્પનાબેન પારધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના માટે આભાર વ્યક્ત કરતાં કહે છે કે,

(લાભાર્થી)

---------------------------------------------------------------------

-પીટીસી, નવસારી, દિપીકા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# MSME

ગુજરાતે કેન્દ્રિય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની ZED – 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' – યોજનાના સર્ટીફિકેશન પ્રાપ્ત કરવામાં દેશમાં પ્રથમ સ્થાન જ્યારે જિલ્લાઓની શ્રેણીમાં રાજકોટે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

રાજયમાં આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩૭ હજાર ૩૦ સર્ટીફિકેટ પ્રાપ્ત કરવામાં આવ્યા છે. જિલ્લાઓની શ્રેણીમાં પણ પ્રથમ ત્રણ સ્થાને ગુજરાતના જિલ્લાઓ છે. જેમાં રાજકોટ જિલ્લો ૮ હજાર ૫૭૮ સર્ટીફિકેટ સાથે સમગ્ર દેશમાં પ્રથમ છે. જ્યારે અમદાવાદ જિલ્લો ૭ હજાર ૩૨૫ સર્ટી સાથે બીજા તથા સુરત જિલ્લો ૬હજાર ૬૮૦ સર્ટીફિકેટ સાથે ત્રીજા ક્રમે છે.

ઉલ્લેખનીય ઉલ્લેખનીય છે કે દેશના ઉદ્યોગો માત્ર સ્થાનિક નહીં, પણ વૈશ્વિક બજારના ઉત્પાદનો સાથે સ્પર્ધા કરી શકે તેમજ પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો બનાવે તે માટે સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે વર્ષ ૨૦૨૨માં ZED – 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' – સર્ટીફિકેશન યોજના લોન્ચ કરી હતી. જે ઉદ્યોગો આ સર્ટીફિકેશન લે છે, તેમને સરકાર તરફથી અનેક પ્રકારના લાભો આપવામાં આવે છે.

આમ વૈશ્વિક કક્ષાના ઔદ્યોગિક ઉત્પાદનના માપદંડોને અપનાવવા અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોના નિર્માણમાં ગુજરાત અને રાજ્યના જિલ્લાઓ દેશમાં અગ્રેસર બન્યા છે.

---------------------------------------------------------------------

-માહિતી, કરણ -(નવીન)

# WHEELCHAIR CRICKET TOURNAMENT

દિવ્યાંગોની રાષ્ટ્રીય વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટ આજથી 15મી માર્ચથી 19મી માર્ચ દરમ્યાન મહેસાણાની સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં યોજાશે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, સાકળચંદ પટેલ યુનિવર્સિટી તેમજ ઉત્તર ગુજરાત દિવ્યાંગ કલ્યાણ સંઘ વિસનગરના સંયુક્ત ઉપક્રમે ટુર્નામેન્ટ યોજાનાર છે.

જેમાં વિવિધ 8 રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને છત્તીસગઢ રાજ્યોની ટીમો ભાગ લેશે હશે. આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓ વ્હીલચેરમાં બેસીને જ રમશે. આ કાર્યક્રમને સાંસદ શારદાબેન પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવશે.

. . . . . . . . . . . .

પીટીસી-મહેસાણા-અમિતા વાંઝા-યશ્વી

# Surat Anganwadi

સુરત જિલ્લા પંચાયત દ્વારા આજે એક સાથે ૪૧ આંગણવાડી કેન્દ્રોના નવીન બાંધકામનુ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત ભારત સરકારની નવી માર્ગદર્શીકા મુજબ ઉમરપાડાના ૧૩, પલસાણાના ૭, બારડોલીના ૪, મહુવાના ૪, માંગરોળના ૭ અને માંડવી તાલુકાના ૬ કેન્દ્રોનું આજે ખાતમૂહુર્ત કરાશે. રોજ એક સાથે ૪૧ આંગણવાડી કેન્દ્રોનું જે તે વિસ્તારના પદાધિકારીઓના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ સાથે PM જનમન અભિયાન અંતર્ગત બારડોલી અને મહુવા તાલુકાના ૨૪ ગામોના ૫૦૩ આવાસોનું પણ આજે ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં બારડોલી તાલુકાના ૪ ગામોના ૪૫ આવાસ અને મહુવા તાલુકાના ૨૦ ગામોના ૪૫૮ આવાસોનો સમાવેશ થાય છે.

---

-માહિતી, રિદ્ધિ -(નવીન)

# Western Railway RAJKOT

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ત્રણ ટ્રેનોને વાંકાનેર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

આ ટ્રેનોમાં પોરબંદર – સાંતરાગાચિ કવિગુરુ સુપરફાસ્ટ એક્સપ્રેસ, ઓખા-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને પોરબંદર - શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ નો સમાવેશ થાય છે.

ત્રણેય ટ્રેનોના સ્ટોપેજનું ઉદ્ઘાટન આજે સાંસદ સહિતના મહાનુભાવોની ઉપોસ્થિતિમાં વાંકાનેર સ્ટેશન પર કરવામાં આવશે.

તેવી જ રીતે ભૂજ – બરેલી, ભૂજ – એક્સપ્રેસ ટ્રેનને પ્રયોગિક ધોરણે ભાભર સ્ટેશને સ્ટોપેજ આપવાનો નિર્ણય કરાયો છે.

મુસાફરો ટ્રેનના સ્ટોપેજ અને સમય વિશે વિગતવાર માહિતી માટે રેલવે ની વેબસાઇટ ની મુલાકાત લઈ શકે છે.

-----------------------------------------------------------------

-પીટીસી, રાજકોટ, અપર્ણા ખૂંટ, કરણ -(નવીન)

# Gir Somnath highway

ગીર સોમનાથ જિલ્લાના તાલાળા-જામવાળા રાજય ધોરીમાર્ગનું જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૩૪ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ રસ્તાના કારણે ગ્રામજનો સહિત સાસણની મુલાકાતે આવતા પ્રવાસીઓને વધુ સગવડતા મળશે. તેમજ કેસર કેરીના પરિવહનને વેગ મળશે.

ઉલ્લેખનીય છે કે, તાલાલા સરદાર ચોકથી જામવાળાની કુલ ૨૯ કિ.મી લંબાઈ ધરાવતા આ રસ્તામાં ૯ કિ.મી રસ્તો જંગલમાંથી પસાર થાય છે. જે મંજૂરી હેઠળ છે.

---------------------------------------------------------------------

-પીટીસી, ગીરસોમનાથ, કરણ -(નવીન)

# Science Carnival

અમદાવાદમાં યોજાયેલ સાયન્સ કાર્નિવલ - 2024માં એમ.એન. હાઇસ્કુલ પાટણના બાળકોએ વૈજ્ઞાનિકોનું ઉત્તમ પાત્ર ભજવી સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યો છે.

વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે સાયન્સ કાર્નિવલ - 2024 નું આયોજન કરાયું હતું જેમાં ગુજરાતની જુદી જુદી કોલેજો, શાળાઓ દ્વારા વિશિષ્ઠ વૈજ્ઞાનિક કૃતિઓ, ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ દ્વારા ગણિત મોડેલ, ગણિત પઝલ, તેમજ રોલ પ્લે જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું. જેમાં રાજ્યભરની શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે કે આ સાયન્સ કાર્નિવલમાં શેઠ એમ.એન. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ડો. વિક્રમ સારાભાઈ, સીવી રમન, સર જગદીશચંદ્ર બોઝ અને એપીજે અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકોના પાત્ર ભજવી પાટણનું નામ રોશન કર્યુ છે.

---

-પીટીસી, પાટણ, રિદ્ધિ -(નવીન)